## જન્મદિને વધામણી




ચેતનભાઈ પટેલ
અગ્રણી બિલ્ડર, ગાંધીનગર
મો. ૯૮૨૮૫૦ ૧૮૦૩૯



એમ ડી વાઘેલા
મો. ૯૮૨૫૦ ૦૫૯૧૯



પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯



માયાબેન જે ચુડાસમા
મો. ૯૪૦૮૬ ૭૭૦૮૦



ધરતી નીતિનભાઈ પટેલ
મો. ૭૮૦૨૦ ૬૨૯૯૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક પ્રવાસ માણ્યો



શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરતી હોમ સાયન્સ વિભાગની ૩૫ વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત અમૂલ ડેરી, આણંદની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીનીઓએ અમૂલની વિવિધ પ્રૉડક્ટ્સ તથા વિવિધ વિભાગોની મુલાકાત લઈ સમગ્ર કાર્યપ્રક્રિયા અંગે વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી. આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીનીઓએ ડાકોર, ગલતેશ્વર અને વડતાલ ધામની પણ મુલાકાત લીધી હતી. પ્રા. તારાબેન દેસાઈએ આ પ્રવાસનું આયોજન કર્યું હતું, જેમાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીનો સહયોગ સાંપડ્યો હતો.

# આદર્શ નિવાસી કુમાર શાળા બાળ અધિકાર ચિત્ર સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે હાથ ધરવામાં આવી હતી, જેમાં આદર્શ નિવાસી કુમાર શાળા (વિકસતી જાતિ), સેક્ટર-૩૦, ગાંધીનગરના વિદ્યાર્થી રોહન બી સાંકળિયાએ બાળકોના અધિકારોને રજૂ કરતાં ચિત્રોની સ્પર્ધામાં ભાગ લીધો હતો. રોહનના ચિત્રને શ્રેષ્ઠ બાળ ચિત્ર તરીકે નવમા ક્રમનું ઈનામ પ્રાપ્ત થયું હતું.

ગાંધીનગર જિલ્લા નાયબ નિયામક (વિજા) એમ પી ઠાકરે વિજેતા વિદ્યાર્થી ઉપરાંત સમગ્ર શાળા પરિવારનો બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળની હૈયાધારણ

# મંડળ હંમેશાં લોકો સાથે હતું અને કાયમ લોકો સાથે રહેશે

## વાલીઓ દ્વારા મંડળ દ્વારા કરવામાં આવતી સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવતાં સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા હંમેશાં લોકોનો સાથ આપવામાં આવ્યો છે અને લોકોની ચિંતા કરવામાં આવી છે. એ જ નીતિ, કાર્યરીતિ વર્તમાનમાં પણ અમલમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પુનઃ આ ખાતરીનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.

મંડળ સંચાલિત સ્કૂલ્સમાં ફી અચાનક વધારી દેવામાં આવી હોવાના એક નાગરિકના પત્ર પછી વાલીઓ દ્વારા જ મંડળ પ્રતિ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને મંડળ દ્વારા કરવામાં આવતી સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવતાં મંડળ પ્રતિ સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વાલીઓએ એમ પણ જણાવ્યું હતું કે આજની તારીખે સૌથી ઓછી ફી મંડળ સંચાલિત સ્કૂલ્સમાં જ છે અને તેના દ્વારા સંચલિત શાળાઓ દ્વારા આધુનિક ને ઉચ્ચ શિક્ષણ સૌને પોસાય તેવી ફીમાં આપવામાં આવી રહ્યું છે. આ સંસ્થાને કારણે સામાન્ય પરિવારોનાં અનેક સંતાનો આજે સમાજમાં મોભાદાર સ્થાનો પર બેઠાં છે અને વ્યવસ્થાથી માંડીને ખાનગી ક્ષેત્રોની કાર્યવાહી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

વાલીઓની લાગણીનો પ્રતિઘોષ આપતાં મંડળ દ્વારા પોતાની સમાજ પ્રત્યેની જવાબદારી અને સંવેદનાને દોહરાવવામાં આવી છે અને સમાજને એવી ખાતરી આપવામાં આવી છે કે મંડળ હંમેશાં સમાજ સાથે રહ્યું છે ને રહેશે. કોઈપણ બાબત પ્રત્યે જો કોઈપણ વાલીને કોઈ ફરિયાદ કે અસંતોષ હોય તો દ્વિપક્ષીય ચર્ચા માટે મંડળ હંમેશાં તૈયાર છે અને સંબંધિત સ્કૂલના વાલીઓ સ્કૂલ સંચાલકોનો પણ આ બાબતે સંપર્ક કરી શકે છે. મંડળ અને મંડળ સંચાલિત સ્કૂલ્સ જેટલી વિદ્યાર્થીઓની કેરિયર બાબતે સતર્ક છે એટલી જ વાલીઓનાં સૂચનો અને ફરિયાદ બાબતે પણ સતર્ક છે જ અને ભવષ્યમાં પણ રહેશે.

આખાય ઘટનાક્રમ પછી મંડળે અંગૂલીનિર્દેશ કરનાર વાલીઓ અને પોતાના પ્રતિ અખંડ વિશ્વસ વ્યક્ત કરનાર વાલીઓ પ્રત્યે પણ આભારની લાગણી પ્રગટ કરતાં જણાવ્યું છે કે મંડળ અને તેના સંચાલન પ્રતિ આટલી જાગરૂકતા અને વિશ્વાસ જ મંડળને હંમેશાં આગળ વધવાની પ્રેરણા આપે છે. મંડળ અને તેની સઘળી શૈક્ષણિક સંસ્થાઓ અત્યાર સુધી વિદ્યાર્થીઓ અને વાલીઓની અપેક્ષાની કસોટી પર ખરી ઊતરી છે ને ભવિષ્યમાં પણ ખરી ઊતરશે.

# આર એન પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે ક્વિઝ કોમ્પિટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે તાજેતરમાં ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૩થી ૮ના ૩૨ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૮ વિદ્યાર્થીઓની ચાર ટીમો બનાવીને આ સ્પર્ધા યોજવામાં આવી હતી. કુલ આઠ રાઉન્ડમાં અલગ અલગ વિષયોના પ્રશ્નો સ્પર્ધા અંતર્ગત પૂછવામાં આવ્યા હતા.

પ્રથમ રાઉન્ડ ચિઠ્ઠી રાઉન્ડ, દ્વિતિય રાઉન્ડ જનરલ નૉલેજ, તૃતિય રાઉન્ડ કવિતા, ચતુર્થ રાઉન્ડ ઐતિહાસિક, લેખક, ચિત્ર, પાંચમો રાઉન્ડ તમામ વિષયોમાંથી થોડા કઠિન પ્રશ્નો દ્વારા પઝલનો, છઠ્ઠો રાઉન્ડ મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન્સ, સાતમો રાઉન્ડ બઝર રાઉન્ડ અને આઠમો રાઉન્ડ પ્રેક્ષકગણના પ્રશ્નો પર આધારિત હતો.

આ તમામ રાઉન્ડ દ્વારા વિદ્યાર્થીઓની જે તે વિષય અંગેની ગૂઢ સમજ, તેમની અવલોકન શક્તિ, જૂથ કાર્ય, ત્વરિત નિર્ણયશક્તિ વગેરે ગુણો ખીલવવાનો સફળ પ્રયાસ શાળા દ્વારા કરવામાં આવ્યો હતો. ધોરણ-૩થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાને રસથી નિહાળી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધાને અંતે ટીમ-બી વિજેતા બની હતી, જેમાં નેન્સી એસ બારોટ, પ્રિન્સ એસ ચૌધરી, અમ્માર એચ મલેક, ક્રિશરાજ વી બારીયા, દિવ્યરાજસિંહ વાય રાઠોડ, હર્ષ એમ ઠક્કર, માનસી એમ રાવત સામેલ હતાં. પ્રિન્સિપાલ દશરથભાઈ પટેલ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી વિજેતા ટીમ ઉપરાંત સૌ સ્પર્ધકો અને આયોજક સ્ટાફ મિત્રોને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આજે અમદાવાદમાં જૉસેફ મૅકવાન અંગે સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૮

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૯ ઑક્ટોબર ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે આત્મા હૉલ (મીલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરીયમ), આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નવલકથાકાર જૉસેફ ઈગ્નાસ મેકવાનના ૮૨મા જન્મદિન પ્રસંગે ‘વ્યથાનાં વીતક’ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા પ્રાસંગિક ભૂમિકા રજૂ કરશે. જૉસેફ મેકવાનના જીવન-કવન વિશે તેમના પુત્ર ચંદ્રવદન મેકવાન અને જૉસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ વિશે સાહિત્યકાર મણિલાલ હ પટેલ વક્તવ્ય આપશે. જૉસેફ મેકવાનના જન્મદિન પ્રસંગે સાહિત્યિક માસિક સામાયિક ‘સમાજમિત્ર’એ ‘પીડિતોના પ્રહરી-વંચિતોની વાચા : સર્જક જૉસેફ મેકવાન’ વિશેષાંક તૈયાર કર્યો છે, જેનું વિમોચન અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યાના હસ્તે કરવામાં આવશે. કાર્યક્રમ સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’ કરશે. ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી એમ જણાવતાં આયોજક સંસ્થાઓ દ્વારા સૌ ભાષા-સાહિત્યપ્રેમીઓને આ કાર્યક્રમ માણવા માટે ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ફિનકૅર દ્વારા દહેગામ વિસ્તારનાં ગામોમાં સ્વચ્છતા માટે અભિયાન



## પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને હાથ ધોવાનું મહત્ત્વ સમજાવી સ્વચ્છતાના પ્રતીકરૂપે ૭૦૦થી વધુ ડૅટોલ સાબુનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૮

ફિનકૅર સ્મોલ ફાયનાન્સ બૅન્ક દ્વારા દહેગામના સલ્કી, જીવરાજના મુવાડા અને નારપુરા ગામમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તમામ ગામોની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને હાથ ધોવાનું મહત્ત્વ સમજાવી સ્વચ્છતાના પ્રતીકરૂપે ૭૦૦થી વધુ બાળકોને નિઃશુલ્ક ડૅટોલ સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના સીઍસઆર મૅનેજર તેજસભાઈ જોષીએ જણાવ્યું હતું કે સ્વચ્છતાનો સંદેશ બાળકોના માધ્યમથી વાલીઓ સુધી પહોંચે અને તેના આધારે ઘર-આંગણ અને ગામ સ્વચ્છ બને તે ઉદ્દેશ આ આખાય ઉપક્રમનો હતો.

આ ગામોમાં વિદ્યાર્થીઓના વાલીઓ માટે નાણાંકીય સાક્ષરતા અભિયાનનું આયોજન પણ કંપની દ્વારા કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત સુરક્ષિત બૉન્કિંગ ટ્રાન્ઝેક્શન, કૅશલેસ વ્યવહારો અંગે ભાવિન મકવાણા દ્વારા સમજ આપી ઉપસ્થિત ગ્રામજનોને કાર્યક્રમમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્રો અને પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આજે આંબેડકર હૉલમાં ભજવાશે નાટક ‘એક ફુલ ગુલાબી શમણું’

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ ખાતે તા. ૯ ઑક્ટોબર ને સોમવારના રોજ રાત્રે ૯ કલાકે ‘એક ફુલ ગુલાબી શમણું’ નાટક પ્રસ્તુત થઈ રહ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી તૈયાર થયેલા આ નાટકનું લેખન અમદાવાદના કલાકાર રફીક પઠાણ અને દિગ્દર્શન રાજુ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું છે.

અભિનયકર્તા તરીકે જશવંત પરમાર, કૃણાલ ભટ્ટ, નિશીથ નાયક, અનિલભાઈ ક્રિશ્ચિયન, મૅગ્ડીલીન ક્રિશ્ચિયન, ઉપાસના ત્રિવેદી, કાજલ સોની, શાહરૂખ શેખ, આકાશ, સૌનિક અને જીગર કાર્ય કરી રહ્યા છે. સંગીત દિલીપ-કરણ, સૅટ અને લાઈટ અનવરભાઈ, મેક-અપ હસમુખ શ્રીમાળી અને પરામર્શક તરીકે બિમલ પાટીલે પોતાની સેવાઓ આપી છે.

ગાંધીનગરની કલાપ્રેમી જનતા માટે આ નાટક માણવા કોઈ ફી રાખવામાં આવી નથી એમ જણાવી દિગ્દર્શક રાજુ વાઘેલાએ આ મનોહર નાટક માણવા સૌ નાટ્યરસિકોને ઈજન પાઠવ્યું છે.

## ‘સ્વર સંગમ’માં સુરેશ રત્નોત્તર

ગાંધીનગર, તા. ૭

નગરના જાણીતા રેડિયો-ટીવી કલાકાર અને ભારત સરકારના આઈસીસીઆર-ઍમ્પેનલ્ડ આર્ટીસ્ટ સુરેશ રત્નોત્તરે જીટીપીઍલ ગુજરાતી (ચૅનલ નં. ૬૦૯)ના ‘સ્વર સંગમ’ કાર્યક્રમ અંતર્ગત જાણીતા કવિ શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ની ગઝલ રવિવાર, તા. ૮ ઑક્ટોબરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે રજૂ કરી હતી. તેમના સહકલાકાર તરીકે જાણીતા ગઝલકાર સ્વ. નાઝીર દેખૈયાના પ્રપૌત્ર ડૉ. ફિરદોસ દેખૈયાએ પણ સુગમ સંગીત રજૂ કર્યું હતું. આ જ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ તા. ૧૨ ઑક્ટોબર, ગુરુવારના રોજ રાત્રે ૯ કલાકે કરવામાં આવશે. સૌ સંગીત, કલા રસિકોને આ કાર્યક્રમ માણવા માટે આયોજકો તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

# ડાયાબિટીસના દર્દીઓ માટે શુગર ફ્રી વાનગીઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૮

ગુજરાત ડાયાબિટીસ એસોસિએશન દ્વારા ખાસ ડાયાબિટીસના દર્દીઓ માટે તહેવારની સિઝનમાં શુગર ફ્રી મીઠાઈઓ તેમજ અન્ય વાનગીઓ બનાવી આહાર પ્રદર્શન કાર્યક્રમ રાખવામાં આવે છે. તાજેતરમાં પ્રિતમનગર અખાડા પાસે કાર્યરત ગુજરાત ડાયાબિટીસ એસોસિએશનના બી. કે. હોલ ખાતે આહાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત લીધી હતી અને શુગર ફ્રી વેરાઈટીસની મજા માણી હતી.

ખાસ કરીને તહેવારની સિઝનમાં લોકો જાણ્યે અજાણ્યે મીઠાઈનો ઉપયોગ વધારતા હોય છે જેના કારણે ભવિષ્યમાં ડાયાબિટીસ થવાની શક્યતા રહેતી હોય છે. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ માટે વધુ પડતાં મીઠાશવાળી મીઠાઈઓ ઝેર સમાન સાબિત થતી હોય છે. આ પરિસ્થિતિમાં આર્ટિફિશિયલ સ્વિટન્ર્સ જેમને સરકાર દ્વારા માન્યતા મળી છે તેમનો ઉપયોગ કરી મીઠાઈ તેમજ અન્ય વાનગી બનાવવામાં આવે તો બોડી શુગર કંટ્રોલ કરી શકાય છે. આહાર પ્રદર્શનની અંદર વિવિધ પ્રકારની મીઠાઈઓ, દૂધ પૌઆ, ફરસાણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાત ડાયાબિટીસ એસોસિએશન છેલ્લા ૫૨ વર્ષથી ડાયાબિટીસના દર્દીઓને રાહત અથવા નિઃશુલ્ક દરે ડાયાબિટીસની સારવાર કરે છે. સંસ્થામાં નજીવી વાર્ષિક ફી ભરીને દર્દી સભ્ય બની શકે છે. એક વખત દર્દી સભ્ય બને પછી તેમને લોહીની તપાસની અંદર ફાયદો કરી આપવામાં આવે છે. ડૉ. પ્રેમલ ઠાકોર, ડૉ. શૈલેષ દેસાઈ, ડૉ. ઉર્વી પારેખ, ડૉ. ભરત શાહ અને ડૉ. જય કરનારી જેવા સંસ્થામાં માનવ સેવા આપતા ડૉક્ટરોનો લાભ દર્દીઓને મળતો રહે છે.

# તમે સ્વયંને પ્રેમ કરો અને બીજાને પણ પ્રેમ કરો

## પ્રવચન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત શ્રોતાજનોએ પૂજ્ય સાધુ બ્રહ્મવિહારીદાસજીને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું

ગાંધીનગર, તા. ૮

પ્રેમ એ હૃદયને સ્પર્શતી બાબત છે. નાના બાળકો માતાના નબળા હાથમાં પણ સલામતી અનુભવે છે અને અજાણ્યા વ્યક્તિના મજબૂત હાથ હોય તો પણ અસલામતી અનુભવે છે. પ્રેમનું જીવનમાં મહત્ત્વ છે. પ્રેમ જીવનને ખરા અર્થમાં જીવન આપે છે. અશક્ય વસ્તુ શક્ય બને છે. ભગવાને બધાના હૃદયમાં પ્રેમનું બીજ મૂક્યું છે તે વાસ્તવિક જિંદગીને સ્પર્શે છે. ભગવાનનો પ્રેમ તમને મુક્તિ આપે છે. પ્રેમ મૃત સંબંધોને જીવંત બનાવી શકે છે. પ્રેમ એટલે જીવનમાં કોઈ મહાન વસ્તુ કરવી એવું નથી, પરંતુ નાની વસ્તુ મહાન પ્રેમ સાથે કરો એ પ્રેમ છે. આઈન્સ્ટાઈને કહ્યું છે કે પ્રેમ એ શ્રેષ્ઠ શિક્ષક છે એમ BAPS સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય સાધુ બ્રહ્મવિહારીદાસજીએ રજત AMA વીકના પ્રથમ વ્યાખ્યાનમાં ‘એક્સપિરિયન્સ ધ મેજિક ઓફ લવ’ અંગે પોતાના વિચારો રજૂ



કરતાં તાજેતરમાં જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પ્રવચન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત શ્રોતાજનોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. જ્યારે એ.એમ.એ. ખાતે પૂજ્ય સાધુ બ્રહ્મવિહારીદાસજીનું વ્યાખ્યાન સાંભળવા માટે ૨૫૦૦થી વધુ શ્રોતાજનો ઊમટી પડ્યા હતા. આ ઉપરાંત મુંબઈ, બેંગાલુરુ, જૂનાગઢ, આણંદથી પણ શ્રોતાજનો આવ્યા હતા.

આ પ્રસંગે શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી આધ્યાત્મનંદજી, ભાગવત વિદ્યાપીઠ-સોલાના ભાગવત ઋષિજી, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હિમાંશુ પંડ્યા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાધુ બ્રહ્મવિહારીદાસજીએ જણાવ્યું કે તમે સ્વયંને તો પ્રેમ કરો, પરંતુ બીજાને પણ પ્રેમ કરો. પ્રેમપૂર્વક કહેવાયેલો એક શબ્દ, પ્રેમ વગર કહેવાયેલા હજારો શબ્દો કરતાં વધુ મહત્ત્વનો છે. પ્રેમ નિઃસ્વાર્થ હોવો જોઈએ. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અક્ષરધામગમન બાદ સારંગપુર ખાતે ૨૦ લાખ કરતાં પણ વધુ લોકો સ્વામીશ્રીના અંતિમ દર્શને આવ્યા હતા. જેમાં એવા હતા કે જેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો નહોતા. આ હતો, નિઃસ્વાર્થ પ્રેમ. વિશ્વભરની ઈન્ડિયન એમ્બેસી રવિવારે પણ ખુલ્લી રહી હતી. જન્મ પછી એક જ દિવસના થયેલા બાળકને લઈને તેની માતા આવી હતી કે મારા બાળકને હું કહી શકું કે તે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દર્શન કર્યા છે. તેમણે જણાવ્યું કે આજે માતા-પિતા તરીકે બધાને પોતાના સંતાનોની ચિંતા હોય છે. ઘણાં કહેતા કે સ્વામીજી અમારે વિદેશમાં છોકરાઓને મોકલવા છે, પરંતુ પશ્ચિમી વાયરો લાગી જશે તો અમારાથી દૂર થઈ જશે. આ સ્થિતિમાં એક પ્રસંગ કહેવો છે કે વર્ષ-૨૦૧૧માં બ્રાઝિલના એક સામાન્ય કન્સ્ટ્રક્શન વર્કર જો પરેરા ડીસોઝા એકવાર દરિયા કિનારે પૅંગ્વિન મરવાની અવસ્થાએ હતું તેને જોયું ત્યારે પ્રેમપૂર્વક તેની સંભાળ કરી અને સતત ૧૧ મહિના સુધી તેની સંભાળ રાખીને ભારે હૃદયે તેને પાછું દરિયામાં મૂકી આવ્યા. વર્ષ-૨૦૧૨માં એ પાછું આવ્યું. જો પરેરાએ પુનઃ એક પૅંગ્વિન જોયું પણ કંઈ પ્રતિક્રિયા આપી નહીં અને ઘર તરફ ચાલવા લાગ્યો ત્યારે એ પૅંગ્વિન પણ તેના ઘરે પહોંચ્યું. આ પૅંગ્વિન દર વર્ષે ૫૦૦૦ માઈલ્સ પ્રવાસ કરીને બ્રાઝિલિયન જો પરેરાને મળવા આવે છે. હવે એક પૅંગ્વિનને તમે પ્રેમ આપો અને એ જો તમને મળવા પાછું આવતું હોય તો તમે તમારા બાળકોને પ્રેમ આપો તેનું શું પરિણામ આવશે એ વિચારી જુઓ.